Banaskantha District Kelavani Mandal
Managed
# G. D. MODI COLLEGE OF ARTS
G.D. Modi Vidyasankul, Highway, Palanpur-385001, Dist: Banaskantha, Gujarat. Ph.: 02742-253784
E_mail: gdmcapalanpur@gujgov.edu.in | E_mail: principal@gdmca.ac.in | Website: www.gdmca.ac.in
"A" Grade By AAA (KCG, Gujarat) | Reaccredited "B+" Grade By NAAC

==========================================================================

Date: 23rd July, 2022.

# SC શિષ્યવૃત્તિ અંગે (વર્ષ: ૨૦૨૨-૨૩)

**[ ફક્ત અનુસુચિત જાતિના (SC) વિદ્યાર્થીઓ માટે ]**

આથી, જી.ડી. મોદી કૉલેજ ઓફ આર્ટસના બી.એ. સેમ.-૧,૩,૫ તથા એમ.એ. સેમ.-૧,૩માં અભ્યાસ કરતા ફક્ત અનુસુચિત જાતિના (SC)ના વિદ્યાર્થી ભાઈ-બહેનોને જણાવવાનું કે, Post Matric Scholarship for SC Students (GOI) **(BCK-6.1)** યોજના અંતર્ગત વર્ષ ૨૦૨૨-૨૩થી કેન્દ્ર સરકારશ્રીના સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગની મળેલ સૂચના મુજબ સૌ-પ્રથમ વિદ્યાર્થીઓએ પોતાનું National Scholarship Portal (NSP) **(www.scholarships.gov.in)** પર રજીસ્ટ્રેશન કરાવવાનું રહેશે. NSP પોર્ટલ પર રજીસ્ટ્રેશનનો જે નંબર આવે તે નંબરની વિદ્યાર્થીએ નોંધ કરી લેવાનો રહેશે. ત્યારબાદ Digital Gujaratનું ફોર્મ ભરી શકાશે *જે વિદ્યાર્થીઓનો રજીસ્ટ્રેશન નંબર નહી હોય તેવા* વિદ્યાર્થીઓ સ્કોલરર્શીપનું ફોર્મ ભરી શકાશે નહીં આ અંગેની સંપૂર્ણ જવાબદારી વિદ્યાર્થીની પોતાની રહેશે તેની ખાસ નોંધ લેવી.

**National Scholarship Portal (NSP)** પોર્ટલ પર રજીસ્ટ્રેશન કરવાની છેલ્લી તારીખ: ૩૦/૦૭/૨૦૨૨ છે. ત્યારબાદ રજીસ્ટ્રેશન થશે નહીં તેની તમામ વિદ્યાર્થીઓએ નોંધ લેવી.

Principal
G. D. Modi College of Arts
PALANPUR-385001

ફક્ત SC વિદ્યાર્થીઓ માટે

**સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, ગાંધીનગર**
**નિયામક, અનુસૂચિત જાતિ કલ્યાણ, ગુજરાત રાજ્ય, ગાંધીનગર**
**કેંદ્ર પુરસ્કૃત યોજનાઓના અમલ બાબત**

નિયામક, અનુસૂચિત જાતિ કલ્યાણ, ગુજરાત રાજ્ય, ગાંધીનગર ખાતા હસ્તકની નીચે મુજબની કેંદ્ર પુરસ્કૃત યોજનાઓનો અમલ ડિજિટલ ગુજરાત પોર્ટલ મારફત (https://www.digitalgujarat.gov.in) કરવામાં આવે છે.

1. ✓ Post Matric Scholarship for SC Students (GOI) (BCK-6.1) [redacted]
2. [redacted]
3. [redacted]

ઉપર મુજબની યોજનાઓ અંતર્ગત વર્ષ: ૨૦૨૨-૨૩થી કેંન્દ્ર સરકારશ્રીના સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગની મળેલ સૂચના મુજબ વિદ્યાર્થીઓનું National Scholarship Portal (NSP) (https://scholarships.gov.in/) પર રજીસ્ટ્રેશન કરવુ ફરજીયાત છે. જે વિદ્યાર્થીએ NSP પોર્ટલ (https://scholarships.gov.in/) પર રજીસ્ટ્રેશન કરેલ હશે તે જ વિદ્યાર્થીઓ ડિજિટલ ગુજરાત પોર્ટલ પર સ્કોલરશીપ યોજનામાં શિષ્યવૃત્તિ લઇ શકશે. National Scholarship Portal પોર્ટલ પર વર્ષ:૨૦૨૨-૨૩નુ રજીસ્ટ્રેશન શરૂ થઇ ગયેલ છે.

ઉક્ત યોજનાઓ પૈકી ક્રમનં:૧ પરની યોજના અંતર્ગત National Scholarship Portal (NSP) પર વિદ્યાર્થીઓએ જાતે જ રજીસ્ટ્રેશન કરવાનું રહેશે [redacted]

- National Scholarship Portal (https://scholarships.gov.in/) પર રજીસ્ટ્રેશન કરવાની પધ્ધતિ:

→ કેંદ્ર સરકારશ્રીની શિષ્યવૃતિ યોજનાની વેબસાઇટ: https://scholarships.gov.in ઓપન કરી "New Registration" પર ક્લીક કરવું.

→ "New Registration" ક્લીક કર્યાબાદ "Register for Pre-Matric Scholarship and Post Matric Scholarship Scheme for SC Students for AY 2022-23" પર ક્લીક કરવુ.

→ ત્યારબાદ જરૂરી તમામ સૂચનાઓ વાચી "Undertaking" આપી "Continue" બટન પર ક્લીક કરવુ.

→ ત્યારબાદ માંગવામાં આવેલ તમામ વિગતો સાવચેતીક પૂર્વક ભરી "Register" બટન પર ક્લીક કરવાનું રહેશે.

→ ત્યારબાદ જે નંબર પોર્ટલ દ્વારા જનરેટ થાય છે તેને સાચવીને રાખવાનો રહેશે અને આ નંબર જ્યારે ડિજિટલ ગુજરાત પોર્ટલ પર વિદ્યાર્થીઓના ઓનલાઇન ફોર્મ ભરવામાં આવે ત્યારે ઓનલાઇન નાખવાનો રહેશે. ઉક્ત યોજનાઓમાં ડિજિટલ ગુજરાત પોર્ટલ પર કેવી રીતે અરજી/દરખાસ્ત કરવાની છે તેની સમજ દર વર્ષે શાળા/કોલેજને જે પરીપત્ર મોકલવામાં આવે છે તેમા અલગથી આપવામાં આવશે.

વર્ષ: ૨૦૨૨-૨૩થી ઉક્ત દર્શાવેલ ૩ યોજનાઓ અંતર્ગત જે વિદ્યાર્થીએ National Scholarship Portal પર રજીસ્ટ્રેશન કરેલ હશે તે જ વિદ્યાર્થી ડિજિટલ ગુજરાત પોર્ટલ પર અરજી/દરખાસ્ત કરી શકશે જેની તમામ વિદ્યાર્થીઓ / આચાર્યશ્રીઓએ નોંધ લેવાની રહેશે. વધુ માહિતી માટે આચાર્યશ્રીઓએ જિલ્લાકક્ષાએથી મળેલ પરીપત્રમાં આપેલ સૂચનાઓ ધ્યાને લેવાની રહેશે તેમજ વિદ્યાર્થીઓએ જિલ્લાની નાયબ નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણની કચેરીનો સંપર્ક કરવાનો રહેશે.

નિયામક
અનુસૂચિત જાતિ કલ્યાણ
ગુજરાત રાજ્ય, ગાંધીનગર